**CC No. 302/2024**

# આરોપી ઓ ની પ્લી લગત હુકમ

આ કામના આરોપીઓ વિરુધ જુગારધારાની કલમ ૧૨ (અ)મુજબના ગુનાનુ ચાર્જશીટ કરવામાં આવેલ છે. આજરોજ આરોપીઓ (૧) જયહિન્દસીંહ કનુભા રાઠોડ ઉં.વ. ૩૨ વર્ષ , ધંધો : ખેતી, રહે. ભાભર જુના, તા. ભાભર, જી. બ.કાં. (૨) માનાભાઇ મોતીભાઇ ઠાકોર ઉં.વ. ૪૮ વર્ષ, ધંધો : મજુરીકામ, રહે. જોરાવરગઢ, તા. સુઇગામ, હાલ રહે. હિરપુરા, તા. ભાભર, જી. બ.કાં. (૩) ભરતભાઇ ગોવાભાઇ વાલ્મીકી ઉં.વ. ૩૫ વર્ષ , ધંધો : ખેતી, રહે. બલોધણ, તા. ભાભર, જી. બ.કાં. (૪) જામાભાઇ મફાભાઇ વાલ્મીકી ઉં.વ. ૪૨ વર્ષ , ધંધો : મજુરી, રહે. વજાપુર નવા, તા. ભાભર, જી. બ.કાં. (૭) વાલાજી વાહતાજી ઠાકોર ઉં.વ. ૫૫ વર્ષ , ધંધો : ખેતી, રહે. મેરા, તા. ભાભર, જી. બ.કાં. (૮) ભરતભાઇ હરીભાઇ પરમાર ઉં.વ. ૩૨ વર્ષ , ધંધો : મજુરીકામ, રહે. ભોડાડીયા, તા. ભાભર, જી. બ.કાં. (૯) રમેશજી કુંવરજી ઠાકોર ઉં.વ. ૪૦ વર્ષ , ધંધો : મજુરીકામ, રહે. ખડોસણ, તા. ભાભર, જી. બ.કાં. (૧૧) ઇશ્વરજી વાહતાજી ઠાકોર ઉં.વ. ૩૫ વર્ષ , ધંધો : મજુરીકામ, રહે. કપરૂપુર, તા. ભાભર, જી. બ.કાં. (૧૩) હેમરાજભાઇ દેવારામભાઇ પ્રજાપતિ ઉં.વ. ૪૨ વર્ષ , ધંધો : મજુરીકામ, રહે. ભાભર લાયન્સ હોસ્પીટલની પાસે, ભાભર, તા. ભાભર, જી. બ.કાં. (૧૪) દિનેશસિંહ ચેહરાજી ઠાકોર ઉં.વ. ૪૦ વર્ષ , ધંધો : મજુરીકામ, રહે. અસાણા, તા. ભાભર, જી. બ.કાં. (૧૫) ભુપતભાઇ ધારશીભાઇ વાલ્મીકી ઉં.વ. ૪૫ વર્ષ , ધંધો : મજુરીકામ, રહે. મેરા, તા. ભાભર, જી. બ.કાં. (૧૬) ઉદેસિંહ હિમ્મતસિંહ સોલંકી ઉં.વ. ૨૮ વર્ષ , ધંધો : ખેતી, રહે. કારેલા, તા. ભાભર, જી. બ.કાં. (૧૭) પ્રેમાભાઇ અગરાભાઇ હરીજન ઉં.વ. ૬૦ વર્ષ , ધંધો : મજુરીકામ, રહે. દેવકાપડી, તા. ભાભર, જી. બ.કાં. (૧૮) ધીરાજી રાજાજી ઠાકોર ઉં.વ. ૪૨ વર્ષ , ધંધો : ખેતીકામ, રહે. લાડુલા, તા. ભાભર, જી. બ.કાં. (૨૧) શોકીનભાઇ મુતાકભાઇ રંગરેજ ઉં.વ. ૩૦ વર્ષ , ધંધો : મજુરીકામ, રહે. થરાદ પ્લોટ વિસ્તાર, તા.થરાદ, જી. બ.કાં. (૨૩) ગોવિંદભાઇ જયરામભાઇ ઠાકોર ઉં.વ. ૨૫ વર્ષ , ધંધો : ખેતીકામ, રહે. રાજપુર દુધવા, તા. સુઇગામ, જી. બ.કાં. તથા (૨૫) રમેશજી શંકરજી ઠાકોર ઉં.વ. ૪૩ વર્ષ , ધંધો :ખેતીકામ, રહે. મીઠા, તા. ભાભર, જી. બ.કાં. હાજર રહેલ છે. ત્યારબાદ આરોપીઓને પોલીસ તપાસની નકલો વિના મુલ્યે મળ્યાની ખાત્રી કર્યા બાદ આરોપીઓની પ્લી રેર્કડ કરતા તેઓ ગુન્હો સ્વૈચ્છીક રીતે અને રાજી ખુશીથી ગુનાની કબુલાત કરેલ છે. તેમજ આ અંગે અલગથી કબુલાત પુરસીસ આપેલ જેમાં તેઓએ ગરીબી અને મજુર માણસ હોઈ અને ઓછામાં ઓછી સજા / દંડ કરવા અરજ કરેલ છે. આરોપીઓ તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જણાવવા અને સમજાવવા છતાં પણ સ્વૈચ્છીક રીતે ગુન્હો કબુલ કરતા હોય, કબુલાત પુરસીસ દાખલ કરવામાં આવેલ છે. તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હરદાસજી ઠાકોર ૨૦૦૫ (૧) જી.એલ.આર. પેજ. ૭૦૯ ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિંધ્ધાતો ધ્યાને લેતા આરોપીની સ્થિતિ અને સંજોગોને ધ્યાનમાં લઈ દંડ કરવા પુરતા અને વાજબી કારણો જણાતા હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છું .

## -હુકમ-

(૧) આ કામના આરોપીઓ નં. ૧,૨,૩,૪,૭,૮,૯,૧૧,૧૩,૧૪,૧૫,૧૬,૧૭,૧૮,૨૧,૨૩,૨૫ નાઓ ને જુગારધારાની કલમ-૧૨ અ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી પ્રત્યેક આરોપીઓને આરોપી દીઠ રૂપિયા ૨૦૦/- ( અંકે રૂા.બસ્સો પુરા ) નો દંડની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. અને જો દંડની રકમ ના ભરે તો ૨(બે) દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) અપીલ સમય વિત્યેથી કબજે કરાયેલ બિનકીંમતી મુદ્દામાલનો નાશ કરવો. તેજરીતે રોકડ રકમ સિવાજ જે કીંમતી મુદ્દામાલ કબજે કરાયેલ હોય અને તે સંદર્ભે કોઇ વચગાળાનો હુકમ કરાયેલ

હોય તો તેને કાયમી કરવામાં આવે છે. અન્યથા કબજે કરાયેલ કીંમતી મુદ્દામાલ માંગણી કરનાર અરજદારની માલીકીની ખાતરી કરી ક્રીમીનલ પ્રો.કોડની કલમ–૪૫૨ અન્વયે ઈન્કવાયરી કરી તેને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે. જો કબજે કરાયેલ કીંમતી મુદ્દામાલની માંગણી ન કરવામાં આવે તો અપીલ સમય વિત્યેથી સદર મુદ્દામાલ સરકાર ખાતે ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે. જુગારની રોકડ રકમ સરકાર ખાતે ખાલસા કરવી.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

(એસ.પી.દવે)
જ્યુ.મેજી. ફ.ક.,ભાભર
કોડ નં. જી.જે.૦૧૩૯૦

મું. ભાભર
તા. ૦૮/૦૭/૨૦૨૪